મહત્તમ : ૪૧.૭ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૨૨ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં લીમડાના મ્હોરનું વધતું વેચાણ

પુનિતવન અને સરિતાઉદ્યાન ખાતે લીમડાનો મ્હોર વેચાય છે : ચૈત્ર માસમાં લીમડાના મ્હોરનો રસ પીવાથી બારેમાસ નિરોગી રહેવાના ફાયદા : સે-૪માં પણ સવારે ૭ વાગ્યે લીમડાના મ્હોરના રસનું વિતરણ

ગાંધીનગર, તા.૫

શહેરમાં ચૈત્ર માસમાં ઠેર ઠેર લીમડાઓ પર લીલાછમ ફૂણા ફૂણા પાંદડા અને મ્હોર ઊગી નીકળ્યો છે. ચૈત્રમાં લીમડાના મ્હોરના રસનું સેવન કરવું ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે. ગાંધીનગરમાં ઘરે ઘરે લીમડાના વૃક્ષો જોવા મળતા હોય છે. પાનખરમાં તો લીમડાના વૃક્ષોના પાંદડા ખરતા ખરતા માર્ગો ઉપર ઠેર ઠેર પાંદડા જ જોવા મળતા હતા. જયારે ચૈત્ર માસમાં એક સાથે લીલોતરી છવાઈ ગઈ છે. ઉનાળાની ગરમીમાં લીમડો અનેક રીતે ઉપયોગી સાબિત થાય છે. તેના વૃક્ષના છાંયડાથી લઈ તેના વૃક્ષની છાલ, પાંદડા અને લીમડાનો મ્હોર ઉત્તમ માનવામાં આવે છે. લીલાછમ ફૂણા લીમડાના પાનનો મ્હોરનો રસ ગાંધીનગરમાં વહેલી સવારે સરિતા ઉદ્યાન અને પુનિતવન આગળ વેચવામાં આવી રહ્યો છે. સવારે ૭ થી ૮:૩૦ કલાકે પુનીતવન ગાર્ડન અને સરિતાઉદ્યાન ખાતે ફોરેવર ડાય દ્વારા લીમડાના મ્હોરનો જયુસ ૧૦ રૂપિયામાં સર્વ કરવામાં આવી રહ્યો છે. આ વિસ્તારમાં વહેલી સવારે શહેરીજનોની ચહલપહલ વધારે જોવા મળતી હોય છે. ફોરેવર ડાયટ દ્વારા વિવિધ જયુસ, સૂપ, સલાડની ડીશનું વેચાણ કરવામાં આવી રહ્યુ છે. જેનો લાભ શહેરીજનો દ્વારા લેવામાં આવી રહ્યો છે. યોગ, કસરત, મોર્નિંગ વોક, સાયકલિંગ

માટે જતા નાગરિકો વહેલી સવારે વિવિધ ડાયટ સૂપ, સલાડ, જયુસ અને ચૈત્ર માસમાં લીમડાના મ્હોરનો રસ પી રહ્યા છે. ડાયાબિટીસના દર્દીઓ પણ આ હેલ્ધી લીમડાના રસનો લાભ લઈ રહ્યા છે. અઠવાડિયામાં ૨થી ૩ વખત લીમડાના મ્હોરનો રસ પીવાથી બ્લડ સુગરલેવલને નિયંત્રિત કરી શકાય છે. આ લીમડાનો મ્હોરનો રસ કે જેમાં પાણી સિવાય કોઈ પણ જાતનું મિશ્રણ કર્યા વગર બનાવવામાં આવે છે તેની કડવાશ સ્વાસ્થ્ય માટે મીઠી સાબિત થાય છે.

ગાંધીનગરમાં સચિવાલય,મીના બજાર, સેકટર-૨૧,સેકટર-૨૪,સેકટર-૭માર્કેટમાં લીમડાનો મ્હોર વેચાઈ રહ્યો છે. પાટનગરમાં ઘણા વર્ષોથી સેકટર-૬માં મંદિર પાસે એક વડીલ દ્વારા દર ઉનાળામાં લીમડાના મ્હોરના રસનું વિતરણ કરવામાં આવતું હતું.

મહારાષ્ટ્રીયન પરિવારમાં ગુડી પડવાના દિવસે આ લીમડાનો રસ થોડી માત્રામાં પીવાનો રિવાજ છે. લીમડો ઘર આંગણાનું ઉત્તમ ઔષધ ગણાય છે. શહેરીજનો ચૈત્ર માસમાં આ લીમડાનો મ્હોરનો રસ જાતે જ ઘરે બનાવીને પણ સ્વાસ્થ્યની કાળજી માટે પી રહ્યા છે.

લીમડો જીવાણું, વિષાણું અને મધુપ્રમેહ વિરોધી ગુણો ધરાવે છે. ચૈત્ર માસમાં રોજ સવારે લીમડાનો મ્હોર પીવાથી બારેમાસ તાવ આવતો નથી તે વિધાનમા ઘણું વજુદ છે. આમ, ચૈત્ર માસમાં પીવામાં આવતો લીમડાનો મ્હોરનો રસ બારે માસ નિરોગી રાખે છે.

જન્મદિને વધામણી

દીશા હાર્દિક શાહ
મો. ૯૪૨૯૬ ૨૧૪૧૯

જીનલ મુકેશભાઈ વાઘેલા

ધ્રુવિલ કે. થારેશા
મો. ૮૭૩૫૮ ૮૩૯૧૨

પ્રિયાંશી એ. પટેલ

તુલસી હાર્દિકકુમાર ભટ્ટ
મો. ૯૫૩૭૪ ૮૦૪૪૪

બિહોલા મિતેષસિંહ ભરતસિંહ
મો. ૯૧૭૩૭ ૩૪૫૫૫



ઈષાની પંકજકુમાર મેસરવાલા

ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા કન્યા છાત્રાલયમાં ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૫

મહિલા પતંજલી યોગ સમિતિ ગાંધીનગર અને માનસ યોગ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે 'લક્ષ્ય આરોગ્યમ' અભિયાન અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા કન્યા છાત્રાલયમાં ત્રિદિવસીય યોગ શિબિરનું અત્યંત સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શિબિર ના પ્રથમ દિવસે પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ તથા ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય ડોકટર કાનજીભાઈ બાવરી દ્વારા શાળાની બાળાઓને યોગ અંગેનું પ્રાથમિક જ્ઞાન સૂક્ષ્મ વ્યાયામ અને પ્રાણાયામના અભ્યાસ કરાવીને આપવામાં આવ્યું. કાર્યક્રમમાં ભારત સ્વાભિમાન ટ્રસ્ટના પ્રભારી જૈમિનભાઈ, મહિલા પતંજલી યોગ સમિતિના પ્રભારી ડો. નેહલ દેસાઈ અને મહિલા પતંજલી યોગ સમિતિના સોશિયલ મીડિયા પ્રભારી ડો. કવિતાબેન બાવરી પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે ગુજરાત વિદ્યાપીઠના ડો. ધર્મેશભાઈ પટેલ તથા શાળાના અન્ય શિક્ષિકા બહેનોએ ખૂબ જ સહાયતા કરી હતી. કાર્યક્રમમાં લગભગ ૧૫૦ જેટલી છાત્રાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આજથી ગાંધીનગરમાં 'ઈન્ડિયન સિરામિક્સ એશિયા ૨૦૨૨'નો શુભારંભ

ત્રિદિવસીય એક્ઝિબિશનમાં સિરામિક્સ મશીનરી અને બ્રિક રો- મટિરિયલની લેટેસ્ટ વેરાયટીઓ જોવા મળશે : ૨૦થી વધુ દેશોમાંથી આશરે પાંચ હજારથી વધુ મુલાકાતીઓ આવવાની સંભાવના

ગાંધીનગર, તા. ૫

કોરોના મહામારીના કપરા કાળ પછી ફરી એકવાર સમગ્ર જનજીવન થાળે પડી રહ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૧૭માં હેલિપેડ ગ્રાઉન્ડ સ્થિત એક્ઝિબિશન સેન્ટર ખાતે ફરી એકવાર સિરામિક ઉદ્યોગ રો-મટિરિયલ્સ અને મશીનરી ક્ષેત્રના 'ઈન્ડિયન સિરામિક્સ એશિયા ૨૦૨૨'નો શુભારંભ થઈ રહ્યો છે જેનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા કરશે તેમજ એક્ઝિબિશનના બીજા દિવસે મંત્રી બ્રિજેશ મેરજા ખાસ ઉપસ્થિત રહેશે. આ સિરામિક એક્સ્પો તા.૬ એપ્રિલથી પ્રારંભ થઈને તા.૮ એપ્રિલે સમાપન પામશે.

'ઈન્ડિયન સિરામિક્સ એશિયા ૨૦૨૨' એશિયા સિરામિક્સ અને બ્રિક ઉત્પાદન ક્ષેત્રોને મહત્વપૂર્ણ માહિતી અને લેટેસ્ટ ટેકનોલોજી સાથે બજારની તકો પ્રદાન કરશે. આધુનિક મશીનરી, ઉચ્ચ ગુણવત્તાની કાચી સામગ્રી, વિશ્લેષણ અને લેબોરેટરી સાધનો, ટેકનિકલ સિરામિક્સ, સ્ટોરેજ માટેના ઈક્વિપમેન્ટ્સ, સામગ્રીનું સંચાલનનું પ્રદર્શન થશે. ટ્રેડ ફેરમાં ડિસ્પ્લેમાં ૫૦૦થી વધુ મુખ્ય બ્રાન્ડ્સ તેમના ઉત્પાદનો અને તકનીકો, ૧ હજારથી વધુ ઉત્પાદનો અને સોલ્યુશન્સ ડિસ્પ્લે પર રજૂ કરશે. આમાં ૧૧થી વધુ દેશોની એકસો કરતાં પણ વધુ પ્રદર્શનકારી કંપનીઓ સામેલ છે. આ એક્ઝિબિશનમાં બાંગ્લાદેશ, ચીન, જર્મની, ભારત, ઈરાન, ઈટાલી, પોર્ટુગલ, સ્પેન, તુર્કી, યુકે, યુનાઈટેડ અરબ અમીરાતના એક્ઝિબીટર્સ ભાગ લેશે અને ૨૦થી વધુ દેશોમાંથી આશરે ૫ હજારથી વધુ ઈન્ડસ્ટ્રી મુલાકાતીઓ ટ્રેડ ફેરની મુલાકાત લેશે તેવી શક્યતા સેવાઈ રહી છે.

આદર્શ નિવાસી કન્યા વિદ્યાલય ખાતે રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સેનેટરી પેડસનું વિતરણ

ગાંધીનગર, તા.૫

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા પરમેનન્ટ પ્રોજેકટ અંતર્ગત આદર્શ નિવાસી કન્યા વિદ્યાલય, સેકટર-૮ ખાતે વિદ્યાર્થીઓની જરુરિયાત તેવા સેનેટરી પેડસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે અન્ય નાસ્તો વિતરણ કરવામાં આવ્યો હતો. આશરે ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને આ પેકેટસ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠકકર સહિત શાળા પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

શૈક્ષણિક સુધારાઓના અભ્યાસ માટે વર્લ્ડ બેંકનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે

વર્લ્ડ બેંકના 'ગ્લોબલ એજ્યુકેશન ડાયરેક્ટર' હાયમે સાવેદ્રાની આગેવાનીમાં 'મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ'ના પ્રોજેક્ટનો અભ્યાસ કરશે : કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો તેમજ રાજ્યમાં શૈક્ષણિક સુધારાઓના ગુજરાત મોડેલનો અભ્યાસ કરી તેને ગ્લોબલ બેસ્ટ પ્રેકટીસ જાહેર કરશે

ગાંધીનગર, તા. ૫

આજે વર્લ્ડ બેંકનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ ખાસ વૉશિંગ્ટનથી વર્લ્ડ બેંકના ગ્લોબલ એજ્યુકેશન ડાયરેક્ટર હાઈમે સાવેદરાની આગેવાનીમાં ગુજરાતના શાળા શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા આમૂલ પરિવર્તનનો અભ્યાસ કરવા માટે રાજ્યની મુલાકાતે આવ્યા છે.

હાઈમે સાવેદરા દક્ષિણ અમેરિકન દેશ પેરૂના શિક્ષણ મંત્રી રહી ચૂક્યા છે અને હાલમાં વર્લ્ડ બેંકના ગ્લોબલ એજ્યુકેશન ડાયરેક્ટર છે. તેઓ ગુજરાતના શાળા શિક્ષણ ક્ષેત્રે રૂ. ૧૦ હજાર કરોડના ખર્ચે 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' દ્વારા થઈ રહેલા આમૂલ પરિવર્તન અને કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર મારફતે થઈ રહેલા ડેટા આધારિત ઈનીશીએટિવ્સથી પ્રભાવિત થઈને કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો અને શૈક્ષણિક સુધારાઓનાં ગુજરાત મોડેલનો જાતે અભ્યાસ કરી તેને ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ જાહેર કરવા માટે આજે રાજ્યની મુલાકાતે આવ્યા છે.

સ્કૂલ્સ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટથી આવનારા પાંચ વર્ષોમાં

તમામ ૩૫,૧૩૩ સરકારી શાળાઓ અને ૫,૮૪૭ ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ મળી કુલ આશરે ૪૧ હજાર સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓને મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ લાભાન્વિત કરવામાં આવશે. આ શાળાઓ પૈકી ૨૦ હજાર શાળાઓને ઉત્કૃષ્ટ બનાવવા વિશ્વ કક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો પુરી પાડવામાં આવશે. આ શાળાઓમાં આવતા પાંચ વર્ષોમાં કુલ ૫૦ હજાર નવા વર્ગખંડોનું નિર્માણ, ૧.૫૦ લાખ વર્ગખંડોમાં સ્માર્ટ ક્લાસની સુવિધા, ૨૦હજાર નવી કમ્પ્યુટર લેબ, ૫ હજાર સ્ટેમ લેબ, ટીંકરીંગ લેબ વિગેરે પુરુ પાડવાનું લક્ષ્ય છે જેના થકી આવતા પાંચ વર્ષમાં આશરે રાજ્યના એક કરોડ વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે. રાજ્યના આ અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટને આંતરરાષ્ટ્રીય નાણા સંસ્થાઓ વર્લ્ડ બેંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા એક બિલિયન યુ.એસ. ડોલર એટલે કે લગભગ રૂ.૭,૫૦૦ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. વર્લ્ડ બેંક દ્વારા શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં અત્યાર સુધીનું સૌથી મોટું ફંડિંગ 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' માટે કરવામાં આવ્યું છે. તેમજ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક સમગ્ર વિશ્વમાં શિક્ષણ ક્ષેત્રે પ્રથમવાર આ પ્રકારનો પ્રોજેક્ટ ગુજરાતના શિક્ષણ વિભાગ સાથે કરી રહી છે.

સમગ્ર દેશમાં શાળાકીય શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટેનો આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ છે. આ પ્રસંગે શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોર, વર્લ્ડ બેંકના ભારત સ્થિત પ્રતિનિધિ શબનમ સિન્હા, શિક્ષણ વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવ, સમગ્ર શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ નિયામક રતનકુંવર ગઢવીચારણ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગર જીલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતીમેળો યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર ખાતે અને જીયા કેરિયર સોલ્યુશન ગાંધીનગર ખાતે રોજગાર વાંચ્છુ ઉમેદવારો માટે સીધા ઈન્ટરવ્યું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ ટેક મહિન્દ્રા લી, ચોથોમાળ, બ્લોક નં.૪ ગીફ્ટ સીટી,ગાંધીનગર ખાતે સવારે ૧૦:૩૦ કલાકે સીધો ઈન્ટરવ્યૂ યોજાશે. જેમાં ૧૨ પાસ અને ગ્રેજ્યુએટ થયેલ તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે. તેમજ તા. ૧૨/૦૪/૨૦૨૨ના રોજ જીયા કેરિયર સોલ્યુશન, એ-૨૧૦ રાધે આર્કેડ, એસ.બી.આઈ.બેંક પાસે, કુડાસણ, તા.ગાંધીનગર ખાતે સવારે : ૧૧:૦૦ કલાકે સીધુ ઈન્ટરવ્યુ યોજાશે. આ ઈન્ટરવ્યુમાં ફક્ત ગ્રેજ્યુએટ ઉમેદવાર ભાગ લઈ શકશે. ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતીમેળામાં રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યુ છે.

સોમવારના રોજ ચૈત્રી નવરાત્રી ત્રીજા નોરતામાં સેક્ટર-૩-ન્યૂ શિવશક્તિચોક ભગવતી બેન પ્રજાપતિના નિવાસ સ્થાને ભગવતી ગરબા મંડળ ૩ ન્યૂ દ્વારા માં બહુચરમાંના 'આનંદના ગરબા' નું આયોજન કરી માની ભક્તિ કરી કૃપા મેળવી હતી, જેમાં મોટી સંખ્યામાં બહેનો એ ગરબા ગાઈ માતાની ભક્તિ કરી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પ્રજાપતિ પોપટભાઈ ભલાભાઈ,** ઉ.વ. ૬૪, શિહોલી મોટી
- **સ્વ. થાપા પદમસિંગ લાલસિંગ,** ઉ.વ. ૭૩, અડાલજ
- **સ્વ. ઠાકોર ભરતજી ભીખાજી,** ઉ.વ. ૩૪, શિહોલી મોટી
- **સ્વ. રાવળ શાંતિલાલ સોમનાથ,** ઉ.વ. ૬૭, સે-૧૩, છાપરાં
- **સ્વ. ઠાકોર શાન્તાબેન રણછોડજી,** ઉ.વ. ૫૫, રાયસણ
- **સ્વ. મકવાણા ભીખાજી બચુજી,** ઉ.વ. ૪૩, બોરીજ
- **સ્વ. પરમાર દિનેશભાઈ મહેન્દ્રભાઈ,** ઉ.વ. ૨૫, બહેરામપુરા, અમદાવાદ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં આયુર્વેદિક ચિકિત્સાલયનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

ગર્ભસંસ્કારના માધ્યમથી ઉત્તમ સંતાનના જન્મ માટે કાર્ય કરતી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે અશ્વિની આયુર્વેદ ચિકિત્સાલયનું ઉદ્ઘાટન માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ તેમજ કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના હસ્તે કરાયું છે. જેમાં ઉત્તમ સંતાનના જન્મ માટે દંપતીઓને વૈજ્ઞાનિક માર્ગદર્શન અને જરૂરી ઔષધ રાહતદરે અપાશે, તેમજ મહિલાઓને સગર્ભાવસ્થા દરમિયાન અને તે પછી જરૂરી આયુર્વેદિક ચિકિત્સા અને માર્ગદર્શન આપવામાં આવશે. યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના ડાઈરેક્ટર ડૉ. રાકેશ પટેલના માર્ગદર્શનમાં ચાલતા પ્રિ-નેટલ કેર એન્ડ એજ્યુકેશન વિભાગ દ્વારા આ ચિકિત્સાલયનું સંચાલન કરવામાં

આવી રહ્યું છે. જેમાં આયુર્વેદાચાર્ય ડૉ. વૃંદન જયસ્વાલ સેવા આપી રહ્યા છે. કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧થી ૧ અને સાંજે ૪થી ૬ આ ચિકિત્સાલય ખુલ્લું રહેશે. આ અવસરે માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે કહ્યું કે, તેજસ્વી સંતાનના જન્મ માટે આયુર્વેદિક દૃષ્ટિકોણથી કઈ-કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ તેનું માર્ગદર્શન આ ચિકિત્સાલયમાંથી મળી રહેશે. ઉપરાંત બાળકના જન્મ પહેલાંથી જન્મ સુધી અને તે પછી તેના સ્વાસ્થ્ય માટેનું વૈજ્ઞાનિક માર્ગદર્શન અને ઔષધ અહીંથી પ્રાપ્ત થશે. જયારે કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ કહ્યું કે, આ અનોખા ચિકિત્સાલયનો પ્રારંભ કરતા આનંદ અનુભવીએ છીએ. ગર્ભવતી બહેનોની ગર્ભાવસ્થાની મુંઝવણો અને તકલીફો દૂર કરવામાં આ ચિકિત્સાલય આશીર્વાદરૂપ બનશે. જયારે ડૉ. વૃંદન જયસ્વાલે જણાવ્યું હતું કે, માત્ર સગર્ભા બહેનો જ નહીં, પણ જે દંપતીઓ દિવ્ય સંતાનના જન્મ માટે આયોજન કરી રહ્યાં છે, તેમને પણ અહીં આયુર્વેદની શાસ્ત્રોક્ત પદ્ધતિ મુજબ પરિણામલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે.

આજે સે-૩-ડી ખાતે આનંદનો ગરબો યોજાશે

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-ડી ખાતે સાંઈબાબા મંદિરમા બપોરે ૨ થી ૫ વાગે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિ ભકતોનેપધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

એસ.કે. રાજપૂત શાળામાં માર્ગ સલામતીનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

એસ.કે. રાજપૂત શાળા, સેકટર-૫-ડી ખાતે ધોરણ-૧થી ૯ના બાળકો માટે માર્ગ સલામતીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રસ્તા ઉપર વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવામાં આવતા તમામ નિયમોનું માર્ગદર્શન પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય કિરણબેન પટેલે શાળામાં આવેલા મહેમાનોને પુસ્તક આપી આભાર વ્યકત કર્યો હતો.